**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના બાંધકામ પૈકી નાના ચેકડેમના આલેખન માટે લાયકાત ધરાવતા ઈજનેરોની સેવા લેવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૩-૩૫-૧૨૭૦-આઈ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦-૦૪-૨૦૦૩.

ભૂમિકા:-

ગુજરાત રાજયમાં ખેતી અને પાણીની તીવ્ર તંગીની કાયમી મુશ્કેલીનાં વ્યવહારુ અને સાનુકૂળ ઉકેલ માટે અત્યંત લાભદાયી અને લોકભાગીદારીને સાંકળતી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને ટોચ અગ્રિમતા આપીને તેને વધુમાં વધુ સફળતા મળે તે માટેના તમામ પ્રયત્નો કરવા ગુજરાત સરકારે આયોજન કરેલ છે. ગુજરાત સરકારે આગામી ચોમાસા પહેલાં ૧૦,૦૦૦ ચેકડેમનું બાંધકામ પૂર્ણ કરવા મા. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે થયેલ મા. મંત્રીશ્રીઓની બેઠકમાં નિર્ણય થયેલ. આ બેઠકમાં માન. મંત્રીશ્રી (નાણાં) પણ ઉપસ્થિત રહેલ.

ચેકડેમના બાંધકામમાં લાભિત ખેડૂતો લોકજૂથ રચીને વધારે અને વધારે ચેકડેમ પોતાની ખેડાણ જમીન નજીક બાંધકામ કરે તે માટે સરકારે તે અંગેના વહીવટ, આલેખન અંદાજની તાંત્રિક મંજૂરી અને નાણાંના ચૂકવણા અંગે ઝડપી અને સરળ પ્રક્રિયા કરવા વ્યવહારિક પગલાં હાથ ધરેલ છે. હાલ વિભાગના ૫૦ ટકા વધુ સ્ટાફ અછતની કામગીરીમાં છે. અન્ય સ્ટાફ કચ્છ ભુકંપના બંધોની મજબુતાઈ માટેના કામોમાં છે. આમ વિભાગના તાંત્રિક કર્મચારીઓ, મોટા ભાગનો સ્ટાફ બહુવિધ કામગીરીથી સંકળાયેલ હોવાથી ૧૦,૦૦૦ ચેકડેમોની સ્થળ પસંદગી, આલેખન અને અંદાજ બનાવવાની કામગીરીમાં વિશેષ સમયગાળો પસાર થાય છે અને ચોમાસાં સુધીમાં આ કામગીરી પૂર્ણ બને.

આ પ્રક્રિયા સરળ બનાવવા માટે લોકજૂથ દ્વારા બાંધવાના થતા ચેકડેમના આલેખન, નકશા અને અંદાજ બનાવવાની સિવિલ કામગીરી પ્રાયોજક સ્નાતક સિવિલ ઈજનેર નિવૃત્ત સરકારી ઈજનેર મારફતે પોતાની રીતે તૈયાર કરીને મંજૂરી અર્થે વિભાગમાં રજૂ કરશે તેવી રજૂઆત થયેલ. આ બાબતે તા. ૨૯-૦૪-૨૦૦૩ ના રોજ માન. મંત્રીશ્રી(સિંચાઈ) ના અધ્યક્ષપદ હેઠળ મળેલ બેઠકમાં વિગતે ચર્ચા કરવામાં આવેલ. ચર્ચાને અંતે લોકજૂથના પ્રાયોજક બાંધકામ કરવાના ચેકડેમના આલેખન, નકશા અને અંદાજ સ્વતંત્ર રીતે સ્નાતક સિવિલ ઈજનેર દ્વારા તૈયાર કરીને રજૂ કરશે. નિયત

કરાયેલ નકશા મુજબ તૈયાર કરાવેલ અંદાજની ચકાસણી તથા તાંત્રિક મંજૂરી આપવાની કાર્યવાહી ખાતા તરફથી કરવાની થશે. તે અંગે સમિતિની અનુમતિ મળેલ છે. તે અનુસાર ઠરાવ મંજૂર કરેલ છે.

**ઠરાવ**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળની ચેકડેમ બાંધકામની કામગીરીના ઝડપી અમલીકરણ અને પ્રગતિ માટે તથા નિર્ધારિત લક્ષ્યાંક સિધ્ધ થાયતે હેતુ માટે ચેકડેમની આલેખન અને અંદાજની કામગીરીમાં થતો વિલંબ અટકાવવા માટે જો લાભિત ખેડૂતોના લોકજૂથ ધ્વારા નિવૃત્ત સરકારી સિવિલ ઈજનેર કે સ્નાતક સિવિલ ઈજનેરોની સેવા ઈચ્છે તો તે માટે નીચેની શરતોએ અનુમતિ આપવામાં આવે છે.

**શરતો:-**

૧. લોકજૂથ ધ્વારા રોકવામાં આવેલ નિવૃત્ત સરકારી સિવિલ ઈજનેર/ સ્નાતક સિવિલ ઈજનેર સૂચિત ચેકડેમનું આલેખન અને નકશા તૈયાર કરી તે મુજબ બાંધકામ માટે અંદાજ બનાવી આલેખન, નકશા અને અંદાજોમાં ઉપરોકત સિવિલ ઈજનેર સ્વહસ્તાક્ષર કરી પ્રમાણિત કરવાના રહેશે.

૨. લોકજૂથે પોતાનો સિવિલ ઈજનેર રોકીને તૈયાર કરાવાયેલ આલેખન નકશા અને અંદાજની કામગીરી પેટે સરકારશ્રી ધ્વારા લોકજૂથને પ્રત્યેક ચેકડેમ દીઠ અંદાજના ૧/૨ ટકો (અડધો ટકો) અને ૧,૦૦૦ માંથી જે ઓછી રકમ હોય તે આપવામાં આવશે.

૩. લોકજૂથ ધ્વારા તૈયાર કરાવાયેલ, નકશા અને અંદાજની ચકાસણી કરી તેની તાત્રિક મંજૂરી આપવાની કામગીરી સિંચાઈ વિભાગ ધ્વારા કરવામાં આવશે.

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. માજી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ
- માન. માજી મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા
- સચિવશ્રી(જ.સં.) ન.જ.સં. અને પા.પુ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, ન.જ.સં.અને પા.પુ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે) તરફ જાણ અને ઘટિત કાર્યવાહી સારુ.
- વર્તુળ હેઠળના સઘળા વિભાગીય અધિકારીશ્રીઓ/કાર્યપાલક ઈજનેરશ્રીઓને સત્વરે જાણ કરવા અને અમલીકરણ [illegible].